### વડીલોને વંદન અભિનંદન



પુષ્પકરાય જયશંકર પાઠક
(૧૯૨૯)ફોન:૨૩૨૨૮૪૯૩



ડાહ્યાભાઈ એન. પ્રજાપતિ
(૧૯૪૯)મો.૭૪૦૫૭૫૯૨૪૦

# રાજય સરકારે શ્રમયોગીના લઘુત્તમ વેતન દરમાં વધારો કર્યો

ગાંધીનગર, તા.૨૪

રાજય સરકારે જુદા જુદા વ્યવસાયોના શ્રમયોગીના હિતને ધ્યાનમાં રાખીને લઘુત્તમ વેતન દરમાં વધારો કરવાનો નિર્ણય લીધો છે.

વિધાનસભા ગૃહમાં આજે રાજયના શ્રમ અને રોજગાર વિભાગના મંત્રી સૌરભભાઈ પટેલે નિયમ ૪૪ હેઠળ ઉપરોકત નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે અલગ અલગ વ્યવસાય શહેરીકરણ અને વસ્તીને ધ્યાનમાં રાખી વિસ્તાર દીઠ અલગ અલગ લઘુત્તમ વેતન દરો ત્રણ વિસ્તારો માટે અમલમાં છે. જેને પરિણામે અમલીકરણ કરનાર તંત્ર શ્રમયોગીઓ અને ઉદ્યોગપતિઓને મુશ્કેલી પડતી હતી.

આ પરિસ્થિતિ નિવારવા પ્રવર્તમાન અલગ અલગ વ્યવસાય દીઠ અલગ અલગ લઘુત્તમ વેતન દરોને સ્થાને એક જ લઘુત્તમ વેતન દર ત્રણ વિસ્તારોને બદલે બે વિસ્તારો માટે ઠરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે જુદા જુદા ૪૬ વ્યવસાયોની સાથે સંકળાયેલ શ્રમયોગીઓના પ્રવર્તમાન દૈનિક લઘુત્તમ દરોમાં આશરે ૨૭ ટકાથી ૩૦ ટકા જેટલો એટલે કે દૈનિક સરેરાશ રૂ. ૬૦ થી રૂ. ૬૫નો વધારો કરવાનો કલ્યાણકારી સૈધ્ધાંતિક નિર્ણય સરકારે કર્યો છે.

આ વધારા પૂર્વે શ્રમયોગીઓનું સરેરાશ દૈનિક વેતન રૂ. ૨૧૫ હતું જે વધારીને સરેરાશ દૈનિક વેતન રૂ. ૨૭૫ થી રૂ. ૨૮૦ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વધુમાં ગુજરાત સરકાર દ્વારા શેરડીની કાપણી તથા ભરણી સાથે સંકળાયેલ શ્રમયોગીની જોડી (બે વ્યકિત) દીઠ ૧ ટન શેરડીની કાપણી અને ભરણીની કામગીરી માટેનો દર રૂ. ૧૭૦થી વધારીને રૂ. ૩૦૦ કરવાનો કલ્યાણકારી સૈધ્ધાંતિક નિર્ણય કર્યો છે.

# ગોરધન ઝડફીયા ભાજપમાં

ગાંધીનગર, તા.૨૪

જી.પી.પી.ના અધ્યક્ષ ગોરધનભાઈ ઝડફીયા સહીત તેમના સમર્થકો આજે ભાજપમાં જોડાયા તેની સાથે જ જીપીપીનું ભાજપમાં વિલીનીકરણ કરવામાં આવ્યું છે.



ભાજપ સાથે છેડો ફાડીને નવો પક્ષ રચનાર ગોરધન ઝડફીયા અને જીપીપીના હોદ્દેદારો આજે ભાજપ કાર્યાલય પહોંચ્યા હતાં અને વિધીવત રીતે ભાજપમાં જોડાતા પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ ઝડફીયા સહીત જી.પી.પી.ના આગેવાનો કાર્યકરોને કેસરી ખેસ પહેરાવીને ભાજપમાં પ્રવેશ આપ્યો હતો.

ઝડફીયા આજે ભાજપમાં જોડાયા બાદ આવતીકાલે ગાંધીનગર ટાઉન હોલ ખાતે યોજાનાર એક કાર્યક્રમમાં જી.પી.પી.નું વિધીવત રીતે ભાજપમાં વિલીનીકરણ કરવામાં આવશે.

ભાજપમાં જોડાયા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ગોરધન ઝડફીયાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા માટે જી.પી.પી.નું ભાજપમાં જોડાણ કરાયું છે.

ગોરધન ઝડફીયા ભાજપમાં જોડાયા ત્યારે તેમની સાથે જી.પી.પી.ના આગેવાનો ફકીર ચૌહાણ, પ્રબોધકાંત પંડયા સહીતના આગેવાનો અને કાર્યકરો પણ જોડાતા આ તમામને પ્રદેશ અધ્યક્ષ ફળદુએ કેસરી ખેસ પહેરાવીને પ્રવેશ આપ્યો હતો.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે પ્રદેશ ભાજપ ગુજરાતનો વિકાસ કરી રહી છે ત્યારે વિકાસની હકારાત્મક રાજનીતી પ્રત્યે લોકોનો લગાવ વધી રહ્યો છે અને તેમાં લોકો જોડાઈ રહ્યા છે.

# પાલનપુરમાં અજાણ્યા શખ્સે યુવાનના પેટમાં ચાકુ મારતા ચકચાર : ઈજાગ્રસ્તને મહેસાણા ખસેડાયો

પાલનપુર, તા. ૨૪

પાલનપુરમાં એરોમા સર્કલ હાઈવે વિસ્તાર બપોરના સમય સામાન્ય બોલાચાલીના અદાવત રાખીને સમાધાન માટે બોલાવીને અજાણ્યા શખ્સોએ જાહેરમાં ચપ્પુના ઘા મારી ગંભીર રીતે યુવકને ઘાયલ કરતા શહેરના હાઈવે વિસ્તારમાં દોડધામ મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત રવિવારના સાંજે એક બાઈક શૉ રૂમ દ્વારા બાઈક પર દિલધડક સ્ટંટ શૉ નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં લોકોનું વધુ પડતો ધસારો હોવાથી શો સ્ટાફ દ્વારા કેટલાય લોકો સાથે બોલાચાલી થઈ હતી જેની અદાવત રાખીને શહેરના પ્રકાશનગરમાં રહેતા અને એગ્રો કંપનીમાં નોકરી કરતા મુકેશ દિનુજી દરબારને સમાધાન માટે હાઈવે પર બોલાવીને કેટલાક શખ્સોએ યુવાનના પેટમાં ચાકુ મારી દેતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી માહોલ સર્જાઈ ગયો હતો જો કે આસપાસ લોકોએ લોહી લોહાણ હાલતમાં ૧૦૮માં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. આ ઘટનાની જાણ થતાં પોલીસે પણ સિવિલમાં પહોંચી હતી. જો કે ગંભીર યુવકની હાલત અતિ નાજુક જણાતા તેને વધુ સારવારમ માટે મહેસાણા ખસેડાયો હતો.



## જયસ્વાલને માર માર્યો હોવાનો પત્નીનો આક્ષેપ : કોર્ટમાં ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૪

ઠગ ચંપાવતના તલાટી કૌભાંડમાં ઝડપાયેલા તેના એજન્ટ નૈમેષ જયસ્વાલને પોલીસે લોકઅપમાં માર માર્યો હોવાનો આક્ષેપ તેની પત્નીએ કર્યો છે. જયારે આ બાબતે તેની પત્નીએ કોર્ટમાં ફરિયાદ પણ દાખલ કરી છે. ચકચારી તલાટી કૌભાંડના મુખ્ય સૂત્રધાર ચંપાવતના ભ્રષ્ટ કનેકશનની સઘન તપાસ દરમિયાન પોલીસે નૈમેષ જયસ્વાલની ધરપકડ કરી હતી. ઠગ ચંપાવતના એજન્ટ તરીકે ઉભરી આવેલા જયસ્વાલને પોલીસે લોકઅપમાં માર માર્યો હોવાનો આક્ષેપ તેની પત્નીએ કર્યો છે. એજન્ટ જયસ્વાલના પત્નીએ કરેલા આક્ષેપમાં તેણીએ જણાવ્યું છે કે પોલીસ તેના પતિને મળવા દેતી નથી અને તેનુ મેડીકલ પણ કરવામાં આવતુ નથી. બીજી તરફ પોલીસ આ આક્ષેપોને નકારી રહી હોવાનુ સ્પષ્ટ થયુ છે.

# કોડનાનીની જામીન અવધિને લંબાવવા સુપ્રીમની સ્પષ્ટ ના

### હાઈકોર્ટમાંથી નિયમિત જામીન મેળવવા સુપ્રીમ કોર્ટે અંતે આદેશ આપ્યો : તર્કદાર દલીલો ધ્યાનમાં લેવામાં ન આવી

અમદાવાદ, તા.૨૪

સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૨ના નરોડા પાટિયા હત્યા કેસમાં ગુજરાતના ભૂતપૂર્વ પ્રધાન માયાબેન કોડનાનીના વચગાળાના જામીનને લંબાવવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટ પાસેથી નિયમિત જામીન મેળવવા માયાબેનને આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે અગાઉ ૨૪મી ફેબ્રુઆરી સુધી તેમના વચગાળાના જામીન લંબાવ્યા હતા પરંતુ આજે વધુ જામીન લંબાવવાનો ઈન્કાર કર્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ત્રણ મહિનાથી વધુ સમય માટે વચગાળાના જામીન વધારવા ના પાડી દીધી હતી જેમાં તેમણે જાણીતા વકીલ રામ જેઠમલાણી મારફત વચગાળાના જામીન વધારવા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. જેમાં સુપ્રીમ કોર્ટે માયાબેન કોડનાણીની વચગાળાના જામીન વધારી આપવાનું ઈનકાર કરી દીધું છે. કોર્ટે જણાવ્યું છે કે પહેલા કસ્ટડીમાં જાઓ પછી રેગ્યુલર જામીન માટે અરજી કરજો. વર્ષ ૨૦૦૨માં થયેલ ગોધરાકાંડ બાદ અમદાવાદ શહેરમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. જેમાં શહેરના નરોડા-પાટીયા વિસ્તારમાં પણ નરસંહારની ઘટના બની હતી. નરોડા-પાટીયા કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલ સીટે ભાજપના ધારાસભ્ય અને મહિલા અને બાળકલ્યાણ મંત્રી માયાબેન કોડનાણી વિરૂદ્ધ આરોપ સાબિત કરી દીધા હતા. આ કેસમાં સ્પેશિયલ ડેઝિગ્નેટેડ કોર્ટે તેમને ૨૬ વર્ષ જેટલા લાંબી સજા ફટકારી હતી. માયાબેન કોડનાણી છેલ્લા ઘણા સમયથી હૃદય રોગ, ડિપ્રેશન, ટીબી, ઓસ્ટોપોરીસીસ જેવા રોગોથી પીડાતા હતા તેથી આ રોગોની સારવાર કરાવવા ગુજરાત હાઈકોર્ટમાં વચગાળાના જામીન માંગ્યા હતા. જેમાં હાઈકોર્ટે તેમના ત્રણ મહિનાના વચગાળાના જામીન મંજુર કર્યા હતા.

માયાબેન કોડનાણીની ત્રણ મહિના વિત્યા છતાં તબીયત નહિં સુધરતા તેમણે હાઈકોર્ટમાં વચગાળાની જામીનની અવધી વધારવા માંગ કરી હતી પણ હાઈકોર્ટે તેમની માંગણી ફગાવી દીધી હતી.ત્યારબાદ તેમણે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી જેમાં તેમના વકીલ રામ જેઠમલાણીએ રજુઆત કરી હતી કે તેમની માનસિક અને શારીરિક હાલત ખૂબ ખરાબ હોવાથી તેઓના વચગાળાના જામીન વધારવા જોઈએ. પરંતુ સુપ્રીમ કોર્ટની બેંચે તેમની માંગણી ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે તમે પહેલા કસ્ટડીમાં જાઓ ત્યારબાદ રેગ્યુલર જામીન અરજી કરજો. સુપ્રીમ કોર્ટના આદેશથી માયાબેન કોડનાણીની મુશ્કેલીઓમાં વધારો થયો છે. આમ પણ તેઓ ગંભીર બિમારીઓથી પીડાઈ રહ્યા છે.

# કોંગીના વધુ બે ધારાસભ્યના રાજીનામાથી રાજકીય ભૂકંપ

### હવે અબડાસાના ધારાસભ્ય છબીલ પટેલ અને સુરતના માંડવીના ધારાસભ્ય પ્રભુ વસાવાના કોંગ્રેસને રામ રામ

અમદાવાદ, તા.૨૪

લોકસભાની ચૂંટણી પહેલા જ ગુજરાતમાંથી કોંગ્રેસની દુકાન બંધ કરાવવાની ભાજપે જે ખતરનાક યોજના અમલમાં મુકી છે તેમાં ભાજપ સફળ થઈ રહ્યું છે અને અંદોરઅંદર લડતા કોંગ્રેસના નેતાઓ બાઘાની જેમ તેમનો રાજકીય ગરાસ લૂંટાતો જોઈ રહ્યા છે. કોંગ્રેસના એક પછી એક ધારાસભ્યો રાજીનામુ આપી ભાજપમાં જોડાઈ રહ્યા છે કોંગ્રેસના ઘરમાં આગ લાગી છે અને ગુજરાત કોંગ્રેસ પ્રમુખ નીરોની જેમ ફીડલ વગાડવામાં મસ્ત છે. કોંગ્રેસના ચાર ધારાસભ્યો અત્યાર સુધી રાજીનામું આપી ભાજપમાં જોડાઈ ચૂક્યા છે. આજે વધુ બે ધારાસભ્યો કચ્છના અબડાસાન ધારાસભ્ય છબીલ પટેલ અને સુરતના માંડવીના ધારાસભ્ય પ્રભુભાી વસાવાએ વિધાનસભાના અધ્યક્ષને તેમના રાજીનામા ધરી દઈ કોંગ્રેસને રામ-રામ કર્યા છે. ભાજપે કોંગ્રેસના ઘરમાં બરાબર થલીતો આપ્યો છે. કોંગ્રેસનું ઘર ભડકે બળી રહ્યું છે. એક પછી એક ધારાસભ્યો કોંગ્રેસ છોડી રહ્યા છે અને કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પગ ઉપર પગ ચડાવી નિરાંતે બેસી નીરોની જેમ ફીડલ વગાડવામાં મશગુલ છે. ગુજરાતમાં તો કોંગ્રેસની એવી કફોડી સ્થિતિ સર્જાઈ છે કે ભાજપવાળા કોંગ્રેસને પૂછે કે "ધારાસભ્ય લઉ બે-ચાર તો કોંગ્રેસ કહે લે ને ભાઈ દસ-બાર" હવે તો કોંગ્રેસની આવી જોક્સ પણ બજારમાં ફરતી થઈ છે. અબડાસાના કોંગ્રેસના ધારાસભ્ય છબીલ પટેલે આજે ધારાસભ્યપદેથી રાજીનામુ આપી દઈ બાજપમાં જોડાવાની જાહેરાત કરી છે. આજે તેઓ વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈ વાળાને મળ્યા હતા અને પોતાનું રાજીનામુ સુપ્રત કર્યું હતું. પત્રકારો સાથેની વાતચીતમાં છબીલ પટેલે કહ્યું હતું કે હું ગુજરાત અને સમગ્ર દેશનો સવાગી વિકાસ થાય તે જોવા ઈચ્છું છું. સાથોસાથ નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદે જોવા ઈચ્છુ છું. આ કારણથી હું કોંગ્રેસમાંથી રાજીનામુ આપું છું. છબીલે કહ્યું હતું કે હું વ્યક્તિગત રીતે ગુજરાત અને દેશનો વિકાસ જોવા ઈચ્છું છું અને નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદે જોવા ઈચ્છું છું. હું ભાજપમાં એક નાના સૈનિક તરીકે મારી ફરજ બજાવીશ. તેમણે ઉમેર્યું હતું કે મને કોંગ્રેસમાં કોઈ સમસ્યા ન હતી પરંતુ મારૂ હૃદય પરિવર્તન થયું છે અને મારા અંતરાત્માએ મને ભાજપમાં જોડાવા માટે પ્રેરિત કર્યો છે.

## ભંગાર ઉઘરાવી રહી છે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોડાઈ રહેલા ધારાસભ્યોને પણ ભંગાર ગણાવીને આડેહાથ લીધા હતા. પોતાની ફાઈલો પાસ કરાવવા માટે કોંગી બોગસ ધારાસભ્યો ભાજપમાં જોડાય છે. આ કાર્યકરોની પાર્ટી છે. ઉદ્યોગપતિઓની નથી તેમ શંકરસિંહ વાઘેલાએ ભાષણમાં જણાવ્યું હતું. તે ઉપરાંત શક્તિસિંહ ગોહિલે તેમના ભાષણમાં કહ્યુ હતુ કે મોદી કોંગ્રેસયુક્ત ભાજપની રચના કરી રહ્યા છે. સરદારની પ્રતિમા બનાવવા મોદી જેમ ગામડે-ગામોથી ભંગાર ઉઘરાવી રહ્યા છે તેમ જ કોંગ્રેસમાંથી ભંગાર ઉઘરાવી રહ્યા છે. કોંગ્રેસના એક પછી એક ભાજપમાં જોડાઈ ગયેલા ધારાસભ્યોને ભંગાર શબ્દથી સંબોધીને આવા ધારાસભ્યો કેટલા લાખમાં વેચાયા તેનો હિસાબ માંગી ઘર આંગણે જ પુતળાદહન કરવા જોઈએ. સી.જે. ચાવડાએ ભાષણમાં કહ્યું હતું કે મોદી કરોડથી ઓછુ ખાતો નથી અને લાખોથી ઓછુ ખાવા દેતો નથી. ચંપાવત જેવા લોકો સાથે મળીને ધનસંચય યોજનાઓ બનાવે છે. સભા સમાપ્ત થયા બાદ પ્રતિબંધીત વિસ્તાર તરફ રેલી સ્વરૂપે કૂચ કરાતા પોલીસે શંકરસિંહ, અર્જુન મોઢવાડીયા, શક્તિસિંહ સહીતના નેતાઓ તથા કાર્યકરો મળી ૨૦૦થી વધુ લોકોની અટકાયત કરી મુક્ત કર્યા હતા.

## હરાજીની મુદતમાં..

● અનુસંધાન પહેલાનું ચાલુ

તળિયાની કિંમતના ૨૫ ટકા ડિપોઝીટની રકમ જમા કરાવવાની કાર્યવાહી ૧-૪-૨૦૧૪ થી તા. ૨૦-૪-૧૪ દરમ્યાન કરવાની રહેશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ હરાજી તેમજ ડિઝીટલ સિગ્નેચર મેળવવાની કાર્યપદ્ધતિ વિગેરે બાબતો અંગેની સમજુતી બેઠક તા. ૩-૩-૨૦૧૪ ના રોજ બપોરે ૧૨ વાગે કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલમાં રાખવામાં આવી છે. જેમાં ડિઝીટલ સિગ્નેચર મેળવવાની કાર્યપદ્ધતિ તેમજ હરાજીની પદ્ધતિની પ્રક્રિયાની સમજૂતી આપવામાં આવશે.

હરાજીની તારીખ વિશે અત્યારે સત્તાવાળાઓએ મૌન સેવ્યુ છે. જો કે આ અંગેની જાહેરાત હવે પછી કરવામાં આવશે.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધીમાં નિકાલ થઈ ગયો હોવાનું પણ નાણાંમંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

**● પ્રા. શાળાના ઓરડાઓની ઘટ**

કોંગીના ડૉ. તેજશ્રીબેન પટેલે ગાંધીનગર જિલ્લામાં પ્રા. શાળાના ઓરડાઓની ઘટ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં શાળાના ઓરડાના અભાવે એક ઓરડામાં એક કરતાં વધારે ધોરણના બાળકો બેસતા હોય તેવી શાળાની સંખ્યા ૧૪૩ છે.

જેમાં દહેગામની ૬૦ શાળા, ગાંધીનગરની ૪૦ શાળા, કલોલની ૨૬ અને માણસાની ૧૭ શાળાનો સમાવેશ થાય છે.

તેમણે એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં ૫૨૫ નવા ઓરડાઓ બાંધવામાં આવ્યા છે.

**● વાણિજ્યવેરાની આવક**

ગાંધીનગર જિલ્લામાં વાણિજ્ય વેરાની આવક અંગે ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાણાંમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૧૩ સુધી રૂ. ૯૯૧.૬૭ની આવક થઈ છે અને આ સમયગાળા દરમ્યાન ૧.૬૬ની આવક વસુલ કરવાની બાકી છે.

## કોર્ટમાં ફરિયાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દાખલ કરવામાં આવ્યો છે. વાદીઓના દાવાની હકીકત મુજબ વર્ષ ૨૦૦૩ દરમિયાન નગરના જુદા જુદા સેકટરોમાં વાણિજય તેમજ રહેણાંક પ્લોટની જાહેર હરાજી માટેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેમાં આ કેસના વાદીઓએ સે-૬માં ૧૫૦ ચો.મી. પ્લોટ નં. ૧૫૫૦ તેમજ ૧૫૫૧ માટે નિયમ મુજબ રૂ. ૬ લાખ સરકારમાં જમા કરાવી હરાજીમાં ઉંચી બોલી લગાવતા રૂ. ૧૭૦૦૧ના ભાવે હરાજીમાં મંજૂર કરાયા હતા. આ મુજબ દુકાન હેતુ માટના પ્લોટ સંદર્ભે પણ હરાજીમાં રૂ. ૧૮૦૦૪ પ્રતિ ચો.મી.ની બોલી બોલતા વાદીની હરાજી મંજૂર થઈ હતી. બંને પ્લોટના કાયદેસરના માલિક હોવા છતા તેમજ હરાજીની ૧/૪ ભાગની રકમ જમા કરાવવા છતાં હરાજી વિના કારણે રદબાતલ જાહેર કરવામાં આવી હતી. જયારે આ સંદર્ભે મહેસુલ વિભાગ સમક્ષ કાયદાકીય પ્રકીયા પણ પડતર છે. બીજી તરફ વર્ષ ૨૦૦૩થી રદ કરેલ હરાજીના પ્લોટો વર્ષ ૨૦૧૪ની હરાજીમાં ફરી મુકવામાં આવ્યા છે. હરાજીના પ્લોટોની કિંમત પણ જમા છે. આવા સંજોગોમાં આ બંને પ્લોટોની હરાજીની પ્રક્રીયા ગેરકાયદેસર હોવાથી આ મામલે મનાઈ હુકમ મેળવવા આજે કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવ્યો છે. સિવિલ જજ કે.જી. રાણાએ આ મામલે આગામી તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ જિલ્લા કલેકટરને જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે.

## ચેક ક્લીયરીંગ અટવાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોઈપણ અવ્યવસ્થા કે તકલીફ સહન નહી કરવી પડે તેવી આશા સેવાઈ હતી. પરંતુ મહીનાના અંતે પણ આ સિસ્ટમનું ઠેકાણુ ન પડતા સ્થાનિક વેપારીઓ સહીત અન્ય ગ્રાહકો પણ તોબા પોકારી ગયા છે. ચેક ક્લીયરીંગની નવી સિસ્ટમ યોગ્ય રીતે ન ગોઠવાતા કરદાતાઓ પણ મુંઝવણમાં મુકાયા છે. જયારે વેપારીઓના કરોડો રૂપિયા સલવાયા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. નગરના વેપારીઓ આ સિસ્ટમના લીધે હેરાન-પરેશાન થઈ ગયા છે. બેંકોમાં કરોડોનું ચેક ક્લીયરીંગ અટવાતા વેપાર-ઉદ્યોગમાં થતા આર્થિક વ્યવહાર પણ ખોરવાઈ ગયા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. સી.ટી.એસ. સિસ્ટમની ભુલના લીધે વેપારીઓ માટે ચેક ક્લીયરીંગની પ્રક્રિયાને પાર કરવી વધુ જટીલ બની છે. આ સિસ્ટમ લાગુ કરયા બાદ મહીનાના અંતે પણ ઠેકાણુ ન પડતા અન્ય શહેરોની જેમ ગાંધીનગરના વેપારીઓ માટે પણ શિરદર્દ ઉભો થયો છે. ચેક ક્લીયરીંગના વિલંબના પરિણામે કરોડો રૂપિયા સલવાતા વેપારીઓ પણ ત્રાહિમામ પોકારી ગયા છે.

### ૨૦ દિવસ સુધી ક્રેડીટ મળતી નથી

બેંકોએ તેમના સ્ટાફને ક્લીયરીંગ હાઉસ સુધી લાંબા ન કરવા પડે તેવા હેતુથી સી.ટી.એસ. સિસ્ટમ અમલમાં મુકાઈ છે. ગ્રાહકોને તેમના ખાતામાં ચેક ઝડપથી જમા મળે અને ફ્રોડના ભોગ બનવુ ન પડે પરંતુ હાલ આ સિસ્ટમના લીધે દુવિધાઓ ઉભી થઈ છે. જેના પરિણામે ગ્રાહકોને ૨૦-૨૦ દિવસ સુધી ક્રેડીટ ન મળતા વેપાર ધંધા પર માઠી અસર ઉભી થઈ છે. કરોડો રૂપિયા સલવાતા નાગરિકોની મુશ્કેલી વધી છે.

## શબ્દાવલી - ૫૩૨૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | | ■ | |
| ૭ | ૮ | | ■ | ૯ | | | ■ |
| ૧૦ | | | ■ | ૧૧ | | ■ | ૧૨ |
| ■ | | ■ | ૧૩ | | ■ | ૧૪ | |
| ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ | | |
| ૧૮ | | ■ | ૧૯ | ■ | ૨૦ | | ■ |
| | ■ | ■ | ૨૧ | | | | ■ |

**આડી ચાવી**

૧. ઘેરી અસરવાળુ, ઝેરીલું (૩)
૩. એક વનસ્પતિ (૪)
૬. બટાલિયન, સેના (૪)
૭. ચાંદી પર ચડાવાતો સોનાનો ઢોળ (૩)
૯. રસોનો સ્વામી શ્રીકૃષ્ણ (૩)
૧૦. લેખન કરવું (૩)
૧૧. 'પણ' શબ્દ નાના બાળકની ભાષામાં (૨)
૧૩. હિંચકો, ઝૂલો (૨)
૧૪. દુઃખ, દર્દ (૨)
૧૫. કર્મ સહિત (૩)
૧૬. બહુ પાણીથી વિનાશ (૪)
૧૮. સમય, કાળ (૨)
૨૦. લાગવગ, ઓળખાણ (૨)
૨૧. ઝાકળ (૪)

**ઊભી ચાવી**

૧. ભારતની બોર્ડર પરની યાદગાર લડાઇ (૪)
૨. લપસવું (૪)
૩. આડુઅવળુ, ગમે તેમ (૬)
૪. એક સંગીત સમ્રાટ (૪)
૫. ચીડાવું, ... ચડવી (૨)
૮. લખવાની કળા (૫)
૧૨. નાજુક, નમણું (૩)
૧૪. સમજણ (૪)
૧૫. વેળાસર (૩)
૧૭. વરસાદ, બારીશ (૩)
૧૯. દહીં વલોવવાથી... બને (૨)

### શબ્દાવલી ૫૩૨૩ના જવાબ

***આડી ચાવી :-*** (૧) નકાબ (૪) કાવતરુ (૭) વાયરો (૮) મહી (૯) બર (૧૦) કોણ (૧૧) કાજી (૧૨) કમ (૧૪) મખમલ (૧૬) ગોવાની (૧૭) તરાજો (૧૮) વીંટી (૧૯) લબરમુછીયો (૨૨) તૃષા

***ઊભી ચાવી :-*** (૧) નવાબ (૨) કાયર (૩) બરો (૪) કામણ (૫) વહી (૬) રૂપજીવની (૧૦) કોમલ (૧૨) કમજોર (૧૩) લંગોટીયો (૧૪) મતલબ (૧૫) ખરાબ (૧૮) મતલબ (૧૫) ખરાબ (૧૮) વીંછી (૨૦) મુખ (૨૧) ભાષા

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ